પગારવધારો અને કાયમી કરવાની માંગ સાથે કર્મચારીઓની અચોક્કસ મુદતની હડતાળ

# નવસારી મનપાનો મામલો લેબર કોર્ટમાં

**11000 રૂપિયા માસિક પગારમાં ઘર કેવી રીતે ચાલે?**

**કામ નહીં કરો તો કાલથી આવતા નહીં કહેવાતા કર્મચારીઓમાં આક્રોશ**



નવસારીઃ નવસારી મહાનગરપાલિકામાં વર્ષોથી સેવા આપતા કર્મચારીઓની પડતર માંગણીઓનો ઉકેલ ન આવતાં હવે કર્મચારીઓનો અસંતોષ ખુલ્લેઆમ સામે આવ્યો છે. 15થી 20 વર્ષ સુધી મહાનગરપાલિકાની વિવિધ શાખાઓમાં ફરજ બજાવતા કર્મચારીઓ પગારવધારો અને કાયમી કરવાની માંગ સાથે અચોક્કસ મુદતની હડતાળ પર ઉતર્યા છે. હડતાળના બીજા દિવસે પણ કર્મચારીઓનો વિરોધ યથાવત્ રહેતાં મહાનગરપાલિકાની કામગીરી પર તેની સીધી અસર જોવા મળી રહી છે. બીજી તરફ, પાણી પુરવઠો ખોરવાતાં શહેરીજનોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.કર્મચારીઓએ એવો પણ આક્ષેપ કર્યો છે કે કેટલાક ઉચ્ચ અધિકારીઓ દ્વારા કામના મુદ્દે દબાણ કરવામાં આવે છે અને 'કામ નહીં કરો તો કાલથી આવતા નહીં' જેવી ધમકીભરી ભાષાનો ઉપયોગ કરવામાં આવે છે. વર્ષો સુધી મહાનગરપાલિકાની કામગીરીનો ભાર સંભાળનારા કર્મચારીઓ સાથે આવું વર્તન કેટલું યોગ્ય છે તેવો સવાલ પણ ઊભો થયો છે. જોકે, આ આક્ષેપોની સત્તાવાર પુષ્ટિ થવાની બાકી છે. એક તરફ વર્ષોથી સેવા આપતા કર્મચારીઓ પોતાના હક અને ન્યાય માટે લડત ચલાવી રહ્યા છે, તો બીજી તરફ મહાનગરપાલિકા તંત્ર દ્વારા કર્મચારીઓને સરકારના નિયત લઘુત્તમ વેતન મુજબ પગાર ચૂકવાતો હોવાની વાત કરવામાં આવી રહી છે. આ મામલો લેબરકોર્ટમાં પહોંચતા લેબર કોર્ટના અધિકારી દ્વારા નિવેદન પણ લેવામાં આવ્યા હતા.

## લેબર કોર્ટના પ્રતિનિધિ સમક્ષ કર્મચારીઓએ રજૂ કરી વ્યથા

મંગળવારે સુરત લેબર કોર્ટના અધિકારી દ્વારા કર્મચારીઓની મુલાકાત લઈ તેમના નિવેદનો નોંધવામાં આવ્યા હતા. આ દરમિયાન કર્મચારીઓને મળતા પગાર, પીએફ, અન્ય લાભો, વર્ષોથી કરવામાં આવતી સેવા, ઓવરટાઈમના નાણાં સહિતના મુદ્દાઓ અંગે પૂછપરછ કરવામાં આવી હતી.

## ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને અધિકારીઓની ભૂમિકા સામે સવાલો

કર્મચારીઓની હડતાળને કારણે નાગરિક સેવાઓ પર અસર થઈ રહી છે, પરંતુ કર્મચારીઓના જણાવ્યા મુજબ તેમની સમસ્યાઓ સાંભળવા કે સમાધાન માટે ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને જવાબદાર અધિકારીઓ તરફથી કોઈ નક્કર પહેલ જોવા મળી નથી. કર્મચારીઓના આક્ષેપ મુજબ, સામાન્ય દિવસોમાં કામ કરાવવા માટે કર્મચારીઓને બોલાવતા પ્રતિનિધિઓ અને અધિકારીઓ હડતાળ દરમિયાન તેમની વચ્ચે આવીને પ્રશ્નોનો ઉકેલ લાવવા આગળ આવ્યા નથી. આ સ્થિતિએ મહાનગરપાલિકાના વહીવટી તંત્રની સંવેદનશીલતા અને જવાબદારી અંગે સવાલો ઊભા કર્યા છે.

## પાણી માટે નાગરિકો પરેશાન, ફાયર વિભાગમાં ટેન્કરની માગનો ધમધમાટ

પાણીની સમસ્યાને કારણે નાગરિકો મુશ્કેલીમાં મુકાયા છે અને પાણીના ટેન્કર માટે ફાયર વિભાગમાં સતત ફોન આવી રહ્યા હોવાનું જાણવા મળે છે. કર્મચારીઓ અને તંત્ર વચ્ચેનો વિવાદ હવે સીધી રીતે સામાન્ય નાગરિકોના દૈનિક જીવનને અસર કરી રહ્યો છે. નાગરિકોનો સવાલ છે કે કર્મચારીઓની માંગણીઓ અને મહાનગરપાલિકાના વહીવટી પ્રશ્નોનો ઉકેલ લાવવામાં વિલંબ કેમ થઈ રહ્યો છે અને આ સ્થિતિનો ભોગ શહેરની જનતાએ કેટલા દિવસ સુધી બનવું પડશે?

## નવસારીમાં આ કામગીરી બંધ

**1. પાણી પુરવઠો ખોરવાયો**
વોટર વર્ક્સ વિભાગના અંદાજે 70 કર્મચારીઓ હડતાળમાં જોડાતાં શહેરના અનેક વિસ્તારોમાં પાણી વિતરણની કામગીરીને અસર થઈ હતી.





**2. સફાઈ વ્યવસ્થા કથળી**
300થી વધુ સફાઈકર્મીઓ હડતાળમાં જોડાતાં કચરો એકત્ર કરવાની અને શહેરની સફાઈની કામગીરી પર અસર પડી હતી. હડતાળ લાંબી ચાલે તો જાહેર સ્વચ્છતા અંગે મુશ્કેલી વધી શકે છે.

**3. દબાણ અને અન્ય કામગીરી અટકી**
દબાણ વિભાગ સહિતના વિભાગોના કર્મચારીઓ પણ હડતાળમાં જોડાતાં દબાણ હટાવવાની તથા અન્ય નિયમિત નાગરિક કામગીરીને અસર થઈ હતી.





**4. ફાયર વિભાગ સહિતની સેવાઓ અંગે ચિંતા**
ફાયર વિભાગના કર્મચારીઓ પણ હડતાળમાં જોડાયા હોવાના અહેવાલ છે. જોકે, અગ્નિશમન જેવી કટોકટીની સેવાઓ સંપૂર્ણ બંધ થઈ હોવાની પુષ્ટિ મળતી નથી.

## સંક્ષિપ્ત સમાચાર

### વાપી સ્કૂલમાં 7મી CISCE રાષ્ટ્રીય રગ્બી બોયઝ ટુર્નામેન્ટનો સમાપન સમારોહ યોજાયો




વાપી : વાપી પબ્લિક સ્કૂલમાં આયોજિત 7મી CISCE રાષ્ટ્રીય રગ્બી બોયઝ ટુર્નામેન્ટનો સમાપન સમારોહ યોજાયો હતો. દેશના વિવિધ ભાગોમાંથી આવેલા ખેલાડીઓએ આ રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું. આ પ્રસંગે શાળાના ટ્રસ્ટીઓ મનસુખ કાકરિયા, સુભાષ કોટડિયા, વિપુલ કાકરિયા અને નવલ બંસલ ઉપસ્થિત રહ્યા હતાં. વલસાડના જિલ્લા શિક્ષણાધિકારી રાજશ્રી ટંડેલ, GST વિભાગના આસિસ્ટન્ટ કમિશનર ગગન ખુરાના તથા એડવોકેટ અને વલસાડ ભાજપના ઉપપ્રમુખ રશ્મિકા મહેતા, શાળાનાં એક્ઝિક્યુટિવ ડિરેક્ટર અને સિનિયર પ્રિન્સિપાલ અલ્પા કોટડિયા ઉપસ્થિત રહ્યાં હતાં. સમારોહ દરમિયાન વાપી પબ્લિક સ્કૂલના વિદ્યાર્થીઓ દ્વારા રાજસ્થાની લોકનૃત્યની સુંદર સાંસ્કૃતિક પ્રસ્તુતિ કરવામાં આવી હતી. યોજાયેલી ટુર્નામેન્ટમાં ત્રણેય વયજૂથમાં કર્ણાટક રીજને શાનદાર પ્રદર્શન કરીને ચેમ્પિયન બનવાનું ગૌરવ પ્રાપ્ત કર્યું હતું. અંડર-14, અંડર-17 વિભાગમાં કર્ણાટક રીજન ચેમ્પિયન રહ્યું હતું. પ્રથમ રનર-અપઃ મહારાષ્ટ્ર રીજન, દ્વિતીય રનર-અપઃ ઉત્તર પ્રદેશ રીજન. જ્યારે અંડર-19 વિભાગમાં ચેમ્પિયનઃ કર્ણાટક રીજન પ્રથમ રનર-અપઃ મહારાષ્ટ્ર રીજન દ્વિતીય રનર-અપઃ ઉત્તર ભારત રીજન રહી હતી. ટુર્નામેન્ટમાં વિજેતા ટીમને પ્રમાણપત્રો, મેડલ અને ટ્રોફી એનાયત કરી સન્માનિત કરવામાં આવી હતી. આ પ્રસંગે આસિસ્ટન્ટ સેક્રેટરી અને એક્ઝિક્યુટિવ કમિટી સભ્ય શિવાને રાષ્ટ્રીય સ્તરની આ ટુર્નામેન્ટનું સફળ આયોજન કરવા બદલ શાળાના પ્રયાસોની પ્રશંસા કરી હતી. આ ટુર્નામેન્ટના સફળ આયોજન દ્વારા વાપી પબ્લિક સ્કૂલે પોતાની પ્રતિબદ્ધતા પુનઃસ્થાપિત કરી હતી.

### નવસારી મુસ્લિમ એજ્યુકેશન સોસાયટીનો સ્કોલરશીપ વિતરણ કાર્યક્રમ યોજાયો




સુરત : નવસારી મુસ્લિમ એજ્યુકેશન એન્ડ વેલફેર સોસાયટી દ્વારા સ્કોલરશીપ, શિક્ષણ સહાય વિતરણનો કાર્યક્રમ ચોથી ઓકટોબરના રોજ યોજવામાં આવ્યો હતો. સમારંભના પ્રમુખપદે નવસારી રેડક્રોસ સોસાયટીના પ્રમુખ તુષારભાઇ દેસાઇ અને અતિથિવિશેષપદે શબ્બીરભાઇ રાવત(યુકે) ઉપસ્થિત રહ્યા હતા. એજ્યુકેશન સોસાયટીના પ્રમુખ વાજીદ દરગાહવાલાએ મહેમાનોને આવકાર્યા હતા તથા ઉપપ્રમુખ નાદીરખાને સંસ્થાનો અહેવાલ રજૂ કર્યો હતો. આ વર્ષે આ સંસ્થા દ્વારા ૧૩૦ને વિદ્યાર્થીઓને ૪ લાખ ૬૫ હજારની સ્કોલરશીપનું વિતરણ કરવામાં આવ્યું હતું. બાકીના ૬૦ વિદ્યાર્થીઓને કુલ રૂપિયા ૨ લાખ ૩૫ હજારની સ્કોલરશીપ બાદમાં આપવામાં આવશે. જેમને સ્કોલરશીપ અપાઇ છે તેમાં એમડી કરતા બે ડોકટરો, બે એમબીબીએસ, ૬ બીએચએમએસ, ૧ બીડીએસનો ડોકટરી અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. સમારંભના પ્રમુખ અને કી-નોટ સ્પીકર તુષાર દેસાઇએ કહ્યું હતું કે કુરાનની શરૂઆત જ ઇકરા બિસ્મે આયતથી થાય છે જેનો અર્થ શિક્ષણ મેળવો એવો થાય છે. મુસ્લિમ સમાજમાં છેલ્લા ૩૦ વર્ષમાં શિક્ષણનો વ્યાપ ખૂબ વધ્યો છે તે બાબતે તેમણે આનંદ વ્યક્ત કર્યો હતો. પ્રાસંગિક વિધિઓ સોસાયટીના ઉપપ્રમુખ ઇબ્રાહીમ સૈયદ, મંત્રી જુનેદ શેખ, ટ્રેઝરર રફીક પટેલ તથા ફૈયાઝ તાઇ અને ઝહીર ખલીફાએ કરી હતી. સમારંભનું સુંદર સંચાલન અલમાસ કાગઝી અને માવીયા શેખે કર્યું હતું.

ધમડાચીમાં ફાયર સ્ટેશનની જમીન અને ખાનગી એકમને રસ્તો આપવાનો વિવાદ

# ફાયર સ્ટેશનની જમીન મુદ્દે નવો વળાંક

**રસ્તા** વિવાદ મુદ્દે કાયદા સમિતિના ચેરમેને માહિતી માંગતા ખળભળાટ

**જમીન** ખરીદી, ખર્ચ અને મંજૂરીઓ અંગે દસ્તાવેજો માંગી તપાસનો ગાળિયો કસ્યો




વલસાડ : વલસાડ તાલુકાના ધમડાચી ગામે જિલ્લા કક્ષાના મોડેલ ફાયર સ્ટેશન માટે ફાળવવામાં આવેલી જમીન તથા પાલિકાની જમીનમાંથી ખાનગી એકમને રસ્તો આપવાના ગાજેલા પ્રકરણમાં નવો વળાંક આવ્યો છે. આ વિવાદને લઈને અગાઉ પણ ગેરરીતિ અને શંકાસ્પદ મંજૂરીઓ અંગે ચર્ચાઓ જગાવતા અહેવાલો સામે આવ્યા હતા, ત્યારે હવે વલસાડ નગરપાલિકાની કાયદા સમિતિના અધ્યક્ષ નિતેશ એમ. વશીએ માહિતી અધિકાર અધિનિયમ (RTI) હેઠળ વિગતો માંગતા પાલિકા વર્તુળોમાં ભારે ચકચાર મચી જવા પામી છે.

કાયદા સમિતિના ચેરમેન દ્વારા જાહેર માહિતી અધિકારી સમક્ષ કરાયેલી સત્તાવાર અરજીમાં ધમડાચી સ્થિત મોડેલ ફાયર સ્ટેશન માટે ફાળવાયેલી સર્વે નંબર ૩૪૮ અને ૩૬૨ સંબંધિત રેકોર્ડ, ક્ષેત્રફળ, માલિકી તથા જમીન ખરીદી કે ફાળવણીના તમામ દસ્તાવેજોની પ્રમાણિત નકલો માંગવામાં આવી છે. આ ઉપરાંત આ જમીન ખરીદવા પાછળ થયેલા કુલ ખર્ચ, ખરીદ કિંમત, ચુકવણીની વિગતો, બજાર મૂલ્યાંકન તેમજ તા. ૧૦/૦૮/૨૦૨૪ના રોજ થયેલા હુકમો અને પ્રાદેશિક મ્યુનિસિપલ કમિશનરની કચેરી સાથે થયેલા પત્રવ્યવહારના પુરાવા પણ તલસ્પર્શી રીતે માંગવામાં આવ્યા છે.

અગાઉ ચર્ચાસ્પદ બનેલા મુદ્દા અનુસાર, નગરપાલિકાની હદ કે માલિકીની જમીનમાંથી ખાનગી કંપની અથવા કાજુ એકમને રસ્તો આપવા પાછળ કયા ઠરાવો, નકશા, ટેક્નિકલ અભિપ્રાય કે અધિકારીઓની નોંધો જવાબદાર છે તેની પણ પોલ ખોલવા માંગ કરાઈ છે. સાથોસાથ જિલ્લા ટાઉન પ્લાનિંગ કચેરી દ્વારા પ્લાન રદ કરાયા બાદ ગ્રામ પંચાયત કે અન્ય સત્તામંડળોએ કયા આધારે મંજૂરીઓ આપી તે તમામ બાબતોના દસ્તાવેજો માંગવામાં આવ્યા છે.

## વહીવટી તંત્રને ભીંસમાં લીધું

આ સમગ્ર પ્રકરણમાં સંડોવાયેલા તત્કાલિન અને વર્તમાન અધિકારીઓનાં નામ, હોદ્દા અને ભૂમિકા ઉપરાંત અગાઉ થયેલી ફરિયાદો, તપાસ અહેવાલો તેમજ ફાયર સ્ટેશનની જમીનનો હાલનો વાસ્તવિક ઉપયોગ શું છે તેની સંપૂર્ણ વિગતો માંગીને કાયદા સમિતિના અધ્યક્ષે વહીવટી તંત્રને ભીંસમાં લીધું છે. પોતાની જ પાલિકાના પદાધિકારી દ્વારા કાયદેસરના પુરાવા એકત્ર કરવા હાથ ધરાયેલી આ કવાયતથી આગામી દિવસોમાં મોટા ખુલાસા થવાની શક્યતા સેવાઈ રહી છે.

# બીલીમોરા રેલવે ટ્રેક પર ટ્રેન અડફેટે બે મહિલાના મોત

**સ્ટેશનના** દક્ષિણ છેડે ટ્રેન અડફેટે યુવતીઓના શરીરના ફુરચે ફુરચા ઉડી ગયા

બીલીમોરા : બીલીમોરા રેલવે સ્ટેશનના દક્ષિણ છેડે રેલવે ટ્રેક પર બે અજાણી મહિલાઓના મોતની અત્યંત હૃદયદ્રાવક ઘટના બની છે.

બીલીમોરા રેલવે સ્ટેશનના દક્ષિણ છેડે અપ લાઈન દેસરા તરફના કિલોમીટર નંબર ૨૨૫/૨૭થી ૨૨૫/૨૫ વચ્ચે બે મહિલાઓ ટ્રેનની સામે ઉભી રહી જતા બંને મહિલાઓનાં કરુણ મોત નીપજ્યાં હતાં. બંને મહિલાઓના શરીરના આ અકસ્માતમાં ફુરચે ફુરચા ઉડી ગયા હતા. ઘટનાની જાણ થતાં બીલીમોરા રેલવે આઉટ પોસ્ટના પોલીસકર્મીઓ સ્થળ પર પહોંચી હાલ તો અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

પોલીસ તપાસમાં પ્રથમ મહિલાની ઉંમર આશરે ૩૫થી ૪૦ વર્ષ છે, મધ્યમ બાંધો, ઊંચાઈ ૫ ફૂટ ૬ ઇંચ, રંગે ઘઉંવર્ણ, જેણે જમણા હાથના પંજા ઉપર સ્ટાર થતા સ્વસ્તિક કોતરાવેલું છે. શરીર ઉપર ક્રીમ કલરનું ફૂલ ડિઝાઈન વાળું બ્લાઉઝ નીચે મહેંદી કલરની ઈનર, કમરે ક્રીમ કલરનો ફુલ ડિઝાઈન વાળો ઘાઘરો પહેર્યો છે.

બીજી મહિલાની ઉંમર આશરે ૪૫થી ૫૦ વર્ષ ની છે. મધ્યમ બાંધો, ઊંચાઈ ૫ ફૂટ ૩ ઇંચ, રંગે ઘઉં વર્ણ, જેણે જમણા હાથના પંજા ઉપર સ્ટર અને સ્વસ્તિક કોતરાવેલું છે. શરીરે ક્રીમ કલરનો ફુલ ડિઝાઈન વાળી સાડી, કમરે પીળા રંગનો ચણીયો પહેર્યો છે. અત્રે નોંધનીય છે કે બંને અજાણી મહિલાઓએ જમણા હાથના કાંડા ઉપર સ્વસ્તિક અને સ્ટાર જેવાં ટેટૂ કરાવ્યું હોવાનું પોલીસના ધ્યાને આવ્યું છે. બીલીમોરા રેલવે આઉટ પોસ્ટે અકસ્માત મોત નંબર ૮૦/૨૦૨૬ ૧૯૪ મુજબ નોંધી બંને અજાણી મૃત મહિલાઓના વાલીવારસોએ બીલીમોરા રેલવે આઉટ પોસ્ટના એએસઆઇ ભાવસિંગભાઈનો સંપર્ક કરવા માટે જણાવવામાં આવે છે.

# સરકારે કોમ્પ્યુટર આપ્યા નથી અને કામગીરી ઓનલાઈન કરવાની

**બિનશૈક્ષણિક** કામગીરીના ભારણ અને ઓનલાઈન પ્રક્રિયા સામે ઉમરગામ શિક્ષક સંઘનું મામલતદારને આવેદનપત્ર



ઉમેશ સોલંકી

ઉમરગામ : ઉમરગામ તા.પ્રા. શિક્ષક સંઘ દ્વારા બિન શૈક્ષણિક, ઓનલાઈનની કામગીરીના ભારણને ઓછું કરવાની શિક્ષકોની સમસ્યાનું નિરાકરણ કરવાની માંગણી સાથે વિભાગ તથા સરકારને સંબોધીને એક આવેદનપત્ર મામલતદારને સુપ્રત કરવામાં આવ્યું છે.

ઉમરગામ તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા આવેદનપત્ર આપી જણાવવામાં આવ્યું હતું કે શિક્ષકોને સોંપવામાં આવતી બિન શૈક્ષણિક અને બાહ્ય કામગીરીમાં ઘટાડો કરવામાં આવે, બિનજરૂરી ઓનલાઈન કામગીરી બંધ કરવામાં આવે શિક્ષકોને એક સાથે અનેક કામગીરીનું દબાણ ન કરવામાં આવે, શિક્ષકોની માનસિક સુખાકારી માટે સંવેદનશીલ વહીવટી વ્યવસ્થા ઊભી કરવામાં આવે અને શિક્ષકોની રજૂઆતોને ગંભીરતાથી સાંભળવામાં આવે, શિક્ષકોને સોંપવામાં આવતી દરેક વધારાની કામગીરીની સમીક્ષા કરીને બિનજરૂરી કામગીરી દૂર કરવામાં આવે શિક્ષકોનું આત્મસન્માન જળવાઈ રહે એ રીતે વર્તન કરવામાં આવે, વધુમાં ધોરણ એકથી પાંચની શાળાઓમાં સરકાર દ્વારા કોમ્પ્યુટર આજદિન સુધી ફાળવવામાં આવેલા નથી. અને દરેક કામગીરી ઓનલાઈન કરવામાં આવે છે તો દરેક ધોરણ-1 થી 5 ની શાળામાં એક અધતન લેપટોપ અને કોમ્પ્યુટર પ્રિન્ટર ફાળવવામાં આવે દરેક શાળામાં ઈન્ટરનેટ કનેક્શન કાર્યરત કરી આપવામાં આવે એવી માંગણી છે.

શિક્ષણ કાર્યને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવે સ્વ. શંકરભાઈ જાદવને સાચી શ્રદ્ધાંજલિ એ જ હશે કે શિક્ષકોની સમસ્યાઓ પ્રત્યે સંવેદનશીલ અભિગમ અપનાવવામાં આવે અને આવી દુઃખદ ઘટનાઓને રોકવા માટે વિભાગ અને સરકાર જરૂરી પગલાં ભરે એવી અમારી લાગણી અને માગણી છે.

# લોનના બહાને લાખો પડાવતો ઠગ નવી મુંબઈથી ઝડપાયો

**દમણના** ડાભેલમાં 1.50 લાખની લોનના નામે બે પાસેથી 2.18 લાખ પડાવ્યા

દમણઃ દમણના ડાભેલ પોલીસ મથકની ટીમે લોન અપાવવાના બહાને લોકો સાથે આર્થિક છેતરપિંડી આચરવાના કેસમાં એક આરોપીને મહારાષ્ટ્રના નવી મુંબઈ ખાતેથી ઝડપી પાડ્યો છે. પોલીસ તપાસ દરમિયાન આરોપીએ દમણ, સેલવાસ અને વાપીના મોરાઈ વિસ્તારમાં પણ અનેક લોકોને લોન અપાવવાના બહાને છેતર્યા હોવાની વિગતો સામે આવી છે. હાલના ગુના સહિત અન્ય શંકાસ્પદ વ્યવહારોમાં અંદાજે રૂ.7.53 લાખની રકમ સંકળાયેલી હોવાની આશંકાને પગલે પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

દમણ પોલીસ દ્વારા આપવામાં આવેલી વિગતો મુજબ, ગત તા.15 સપ્ટેમ્બર, 2026ના રોજ બ્રિજેશ મૌર્ય નામના વ્યક્તિએ ડાભેલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. જેમાં સેમસનસિંહ ઉર્ફે શુભમ મનોજસિંહ નામના શખ્સે રૂ.1.50 લાખની લોન અપાવવાની લાલચ આપી છેતરપિંડી આચરી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. આરોપીએ શરૂઆતમાં ખાનગી લોન એપ્લિકેશન મારફતે ફરિયાદીને રૂ.41,269 ની લોન અપાવી હતી. જોકે, માંગેલી રૂ.1.50 લાખની લોન સામે માત્ર રૂ.41,269 મળતાં ફરિયાદીએ સવાલ ઉઠાવ્યો હતો. ત્યારે આરોપીએ ફરીથી રૂ.1.50 લાખની નવી લોન અપાવવાની વાત કરી ફરિયાદીને મળેલી લોનની રકમ પોતાના ખાતામાં ટ્રાન્સફર કરાવી લીધી હતી. ત્યારબાદ આરોપી ફરાર થઈ ગયો હતો. આ ઉપરાંત આરોપીએ ફરિયાદીના મિત્ર લવકુશ રામશિયા પટેલને તેમની બાકી રહેલી પ્રોવિડન્ટ ફંડ (પીએફ)ની રકમ ઉપાડવામાં મદદ કરવાની લાલચ આપી હતી. આ બહાને તેમના બજાજ ફાઇનાન્સ કાર્ડની વિગતોનો કથિત દુરુપયોગ કરી રૂ.98,904 અને રૂ.78,543ની કિંમતના બે મોબાઇલ ફોન ખરીદી લીધા હતા. આમ, બંને વ્યક્તિને મળીને કુલ રૂ.2,18,716 નું આર્થિક નુકસાન પહોંચાડવામાં આવ્યું હોવાનું પોલીસ ફરિયાદમાં જણાવાયું છે. આ આરોપી મહારાષ્ટ્રના નવી મુંબઈમાં હોવાની માહિતી મળતાં પોલીસે નવી મુંબઈથી આરોપીને ઝડપી પાડ્યો છે. ત્યારબાદ અદાલતમાંથી આરોપીના ચાર દિવસના પોલીસ કસ્ટડી રિમાન્ડ મેળવવામાં આવ્યા છે. પોલીસની પૂછપરછ દરમિયાન આરોપીએ દમણ ઉપરાંત વાપીના મોરાઈ અને દાદરા નગર હવેલીના સેલવાસ વિસ્તારમાં પણ અનેક વ્યક્તિઓ સાથે લોન અપાવવાના બહાને છેતરપિંડી કરી હોવાની કબૂલાત કરી હતી. આરોપીએ જણાવેલી વિગતો મુજબ શંકાસ્પદ વ્યવહારો મળીને અંદાજે રૂ.7,53,797ની રકમ સંકળાયેલી હોવાનું સામે આવ્યું છે. પકડાયેલો આરોપી સેમસનસિંહ ઉર્ફે શુભમ મનોજસિંહ ડુંગરામાં લેક પેરેડાઇઝ એપાર્ટમેન્ટનો રહેવાસી છે અને બિહારના બિદુપુર ગામનો વતની હોવાનું જાણવા મળી રહ્યું છે.

# દમણમાં પાર્ક કરેલી સી.એન.જી. કારમાં આગ ભભૂકતા અફરાતફરી



દમણ : સંઘપ્રદેશ દમણના ખારીવાડ વિસ્તારમાં સોમવારે રાત્રે આશરે 11 થી 11:30 વાગ્યાના અરસામાં વી.એસ. બાર એન્ડ રેસ્ટોરન્ટ નજીક આવેલી બિલ્ડિંગની ખુલ્લી જગ્યામાં પાર્ક કરેલી એક સી.એન.જી. કાર નંબર DD-03-K-5737માં આગ લાગવાની ઘટના બની હતી. કારમાં આગ લાગતાં નજીકમાં આવેલા બાર એન્ડ રેસ્ટોરન્ટમાં ફાયર એક્સટિંગ્વિશરથી રેસ્ટોરન્ટના વેઈટર અને લોકો મદદે દોડી આવ્યા હતા. તેમણે ફાયર એક્સટિંગ્વિશરની મદદથી આગને કાબૂમાં લઈ લીધી હતી. જો કે, આગ લાગેલી કારની નજીક અન્ય કાર અને વાહનો પણ પાર્ક કરેલાં હતાં. જો સમયસર આગ પર કાબૂ મેળવવામાં આવ્યો ન હોત તો આગ સમગ્ર કારને લપેટમાં લેવા ઉપરાંત અન્ય વાહનો સુધી પ્રસરી શકી હોત. જોકે, રેસ્ટોરન્ટના સ્ટાફ અને સ્થાનિકોની સતર્કતાને કારણે સંભવિત મોટી દુર્ઘટના ટળી હતી. કારમાં આગ લાગવાનું ચોક્કસ કારણ હાલ જાણવા મળ્યું નથી.


આપ સર્વેને નવરાત્રીની શુભકામના
બીલીમોરા સ્ટેશનથી ફક્ત 5-7 મિનિટ | ચીખલી ચોકડીથી ફક્ત 8-10 મિનિટ
નવસારીથી - વલસાડથી - વાંસદાથી ફક્ત 30 મિનિટ
મજુરી 5.9%*
R.A. Parikh Jewellers NX
નવસારી કે સુરતમાં અમારી કોઈ બ્રાંચ નથી.
ચીખલી - બીલીમોરા રોડ, આંતલીયા, બીલીમોરા. (પૂર્વ) Mo. 98255 58181